# <u>રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ</u>

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ મંડળના સયુંક્ત ઉપક્રમે તા.22/01/2024 ના રોજ રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ નિહાળવા માટે યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસર ખાતે ગૌતમ હોલમાં એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીની ઉપસ્થિતિમાં સૌ શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીઓ અને ભારતીય શિક્ષણ મંડળના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. રામમંદિરમાં પ્રભુ શ્રીરામની બાળ સ્વરૂપ પ્રતિમા ભારતના યશસ્વી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તરપ્રદેશ રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલ, રાજયના મુખ્યમંત્રીશ્રી મહંતયોગી આદિત્યનાથજી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતજીની ઉપસ્થિતિ રહી હતી. આ સમગ્ર કાર્યક્રમ BAOU પરિવારે શ્રધ્ધાપૂર્વક કાર્યક્રમ નિહાળી સૌએ ધન્યતા અનુભવી હતી. 500 વર્ષના સંઘર્ષ પછી રામમંદિરના નિર્માણને જોઈને સૌની આંખો હરખથી ભીની થઈ ગઈ હતી.











